અગત્યનું

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૨૦૦-૩૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૯/૦૬/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ઉચ્ચતર માધ્યમિક ધોરણ-૧૧(વિજ્ઞાન પ્રવાહ)માં શૈક્ષણિક સત્ર જુન-૨૦૧૯ થી પ્રવેશ અંગે.

સંદર્ભ:-
૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:ઉમશ-૧૧૯૭-૧૨૦૩-ગ-૧. તા.૧૦/૦૬/૯૭.
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ-૨૦૦૦-૧૦૪૯-છ. તા.૩૦/૦૫/૨૦૦૦.
3. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:- મઉમશબ/સંશોધન/બઢતી/૨૬૨૫૦ તા.૨૪/૦૫/૨૦૦૪
૪. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૯/૧૨૯/ર તા.૦૮/૦૩/૨૦૧૯.
૫. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ઠરાવ ક્રમાંક:EWS/૧૨૨૦૧૯/૪૫૯૦૩/A તા.૨૩/૦૧/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૨૪/૦૫/૨૦૦૪ના પત્રથી રાજ્યની સરકારી તેમજ સહાયક અનુદાન મેળવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાં અંગે શાળાઓને અનુસરવાની કાર્યવાહી અંગેના નિયમો મુકરર કરવા બાબતે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવની જોગવાઈ મુજબ હાલની સૂચનાઓમાં ફેરફાર કરી નીચે દર્શાવ્યા મુજબ સૂચનાઓ આપવામાં આવે છે.

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રવેશ માટેની યાદી તૈયાર કરતી વખતે ત્રણ મુખ્ય વિષયો [ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી (પ્રથમ ભાષા/દ્વિતીય ભાષા)] માં મેળવેલ ગુણને ધ્યાનમાં લઈ પ્રવેશ યાદી (મેરીટ યાદી) બનાવવી. તેમજ નીચે દર્શાવ્યા પ્રમાણે જગ્યાઓની બેઠકનું વર્ગીકરણ કરવાનું રહેશે.

| ક્રમ | જગ્યાની વિગત | બેઠકની સંખ્યા |
|---|---|---|
| ૧ | - અનુસૂચિત જાતિ (૭%) | ૦૫ |
| ૨ | - અનુસૂચિત જનજાતિ (૧૫%) | ૧૧ |
| 3 | - સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (૨૭%) | ૨૦ |
| ૪ | - આર્થિક રીતે નબળા વર્ગો (EWS) (૧૦%) | ૦૮ |

| | | | |
|---|---|---|---|
| ૫ | - | પોતાની શાળા | ૨૫ |
| ૬ | - | અન્ય શાળાના (જે શાળામાં ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ ન હોય તેવી શાળાના ધો-૧૦ પાસ વિદ્યાર્થીઓ માટે) | ૦૬ |
| ૭ | | કુલ | ૭૫ |

ઉક્ત જોગવાઇ ફક્ત ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રવેશ માટે જ લાગુ પાડવાની રહેશે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

---

ઘણું અગત્યનું

જા.નં/મા-૨/પ્રવેશ/૨૦૨૧/ ૬૪૧૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨,બી-૩
અઠવાલાઇન્સ,સુરત.
તા.૩૦/૦૬/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની સરકારી/ગ્રાન્ટેડ
ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ) શાળાઓ.

ઉપરોકત પત્ર મુજબ ધોરણ-૧૧ (ગ્રાન્ટેડ/સરકારી ઉ.મા.શાળાઓ) વિજ્ઞાન માં અનામત કેટેગરી મુજબ પ્રવેશ ફાળવવાનો રહેશે.જો અનામત કેટેગરી ના વિદ્યાર્થીઓ ઉપલબ્ધ ન હોય તો આપના ત્યાં આવેલી અરજીઓ પૈકી મેરીટ મુજબ પ્રવેશ ફાળવવાનો રહેશે. તેમ છતાં પણ જો આપની શાળામાં પ્રવેશ માટે જગ્યા ખાલી રહેતી હોય તો અત્રેની કચેરીના મા-૨ શાખા ટેબલ પર શાળાએ લેખીતમાં તા. ૦૮/૦૭/૨૦૨૧ ના રોજ જાણ કરવી. જેથી પ્રવેશથી વંચિત રહેલા વિદ્યાથીઓને પ્રવેશ આપવાની કાર્યવાહી અત્રેથી કરી શકાય.

(શ્રી એ.જે.પીપળીયા)
વહીવટી અધિકારી
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત.જિલ્લા.સુરત